# રામાયણ એક વિશ્વકોશ

હેતલબેન આર. મોવડિયા

## ૧. પ્રસ્તાવના

સંસ્કૃત સાહિત્યશાસ્ત્રમાં કાવ્યના બે પ્રકારો પાડવામાં આવ્યાં છે દશ્ય કાવ્ય અને શ્રાવ્ય કાવ્ય. દશ્ય કાવ્ય અંતર્ગત દરેક પ્રકારનાં નાટકોનો સમાવેશ થાય છે, જ્યારે શ્રાવ્ય કાવ્યમાં બધા જ પ્રકારનાં કાવ્યો, ગદ્ય અને પદ્ય બંનેનો સમાવેશ થાય છે. એના બાહ્ય સ્વરૂપને આધારે પુનઃ ગદ્ય-પદ્ય અને મિશ્ર એવા પ્રકારો પાડવામાં આવે છે. રામાયણ દેખીતી રીતે જ પદ્ય છે.

રામાયણ એટલે રામનું અયન. *रामस्य अयनम् रामायणम्* એ રીતે રામાયણની સર્વ સામાન્ય વ્યુત્પત્તિ આપવામાં આવી છે. '*अयन*' શબ્દ '*इ*' – જવું ધાતુ ઉપરથી નિષ્પન્ન થયો છે. અયન એટલે જીવનની ગતિ. રામનું અયન એટલે રામનું જીવન અથવા રામના જીવનની ગતિ. રામાયણની કથા સપ્ત કાંડોમાં વહેંચાયેલી છે. આ સાત કાંડોના નામ આ પ્રમાણે છે : બાલ કાંડ, અયોાયા કાંડ, અરણ્ય કાંડ, કિષ્કિન્ધા કાંડ, સુંદર કાંડ, યુધ્ધ કાંડ અને ઉત્તર કાંડ.

*चतुर्विंशसहस्त्राणि श्लोकानामुक्तवानृषिः ।*
*तथा सर्गशतान् पञ्च सप्तकाण्डानि चोत्तम ॥*

*(बालकाण्ड, सर्गः ४, श्लोक-२)*

"રામાયણની કથા સાત કાંડોમાં વિસ્તરેલી છે. રામાયણના સાત કાંડોમાં કુલ ૨૪૦૦૦ શ્લોકો છે" – એવું જણાય છે. રામાયણના બાલકાંડના પ્રથમ ચાર અધ્યાધ્યમાં જાણીતી કથા પ્રમાણે તમસા નદીના કિનારે વાલ્મિકી ઋષિ દર્ભ ચૂંટવા ગયા. ત્યાં સુંદર વાતાવરણમાં સ્નાન કરવા ઉતરેલા ઋષિ ક્રૌંચ પંખીનો મધુર નાદ સાંભળીને પ્રસન્ન થયા એટલામાં તો ક્રૂર નિષાદે (પારધિએ) એક જ તીરથી નરક્રૌંચને વીંધી નાખ્યો. પોતાના પ્રિયતમને તરફડતો જોઈને ક્રૌંચી કરુણ વિલાપ કરવા લાગી. ભવભૂતિના શબ્દમાં '*शोक :श्लोकत्वभागतः*' વાલ્મિકીના શોકે શબ્દરૂપ લીધું અને એમાંથી આદિ વાણીનો આદ્યસ્ત્રોત 'રામાયણ' સર્જાયો.

*मा निषाद प्रतिष्ठा त्वमगतः शाश्वति : समाः ।*
*यत्क्रोञ्चमिथुनादेकं अवधीः काममोहितम् ॥*

*(बालकाण्ड, १, २, ११)*

"કામ મોહિત થયેલા આ ક્રૌંચ યુગમમાંના એકનો તે વધ કર્યો છે, તેથી હે નિષાદ ! તું આખી જિંદગી તારા હૃદયમાં અશાંતિ ભોગવતો રહેજે."

વાલ્મિકિનો આ શાપ આપોઆપ છંદબધ્ધ વાણીમાં સ્ફૂર્યો હતો. વાલ્મિકીના મુખમાંથી આ રીતે અનુષ્ટુપ છંદમાં વાણીનો અવતાર થયો. આશ્રમમાં આવ્યા પછી વિસ્મય પામેલા ઋષિને સ્વયં બ્રહ્માએ અણીને અનુષ્ટુપ છંદમાં ભગવાન (રામ) રાજાનું પાવન ચરિત્ર રચવાનો આદેશ આપ્યો અને પછી વાલ્મિકીએ 'રામાયણ' મહાકાવ્ય – આદિકાવ્યની રચના કરી.

'રામાયણ' માં કવિ વાલ્મિકીએ ઉત્તમ સમાજનું નિરૂપણ કર્યું છે. તેમનું આ સાહિત્ય સમાજનું પ્રતિબિંબ છે. તેમને રામાયણમાં જેટલા પણ વર્ણનો કર્યા છે. તે બધામાં આપણા સમાજનું ચિત્ર જોવા મળે છે. તેમને રામાયણમાં જુદા-જુદા વર્ણો, ધર્મ, જુદી-જુદી રાજયવ્યવસ્થા, સ્ત્રીઓની સ્થિતિ, ખાનપાન, અધ્યયન, ત્રણ પુરુષાર્થોનું સેવન, વગેરે અનેક પ્રકારોના વર્ણનો કરેલ જોવા મળે છે. જેમાં પ્રાચીન ભારતીય સમાજનું પ્રતિબિંબ જોવા મળે છે. માટે જ રામાયણને પ્રાચીન ભારતીય સમાજનો વિશ્વકોશ (Encyclopedia) કહેવાય છે.

## ૨. રામાયણ એક વિશ્વકોશ

'રામાયણ' એ ભારતવર્ષનો વિશ્વકોશ છે. તેમાં માનવજીવન ધબકતું જોવા મળે છે. તેઓમાં તત્કાલીન સમાજનું ચિત્રણ જોવા મળે છે. તે સમયમાં ધર્મ, રિવાજ, માન્યતાઓ, વ્યવહારો વગેરેના ઉલ્લેખો તેમાં છે. રામાયણમાં દરેક રીતે આદર્શને વ્યક્ત કરતું કાવ્ય છે. તેથી તેમાં આદર્શ સમાજની કલ્પના કરવી તે સ્વાભાવિક છે.

**૧. ધાર્મિક વ્યવસ્થા**

રામાયણના સમાજમાં આર્યોની ધર્મ વ્યવસ્થા સુંદર હતી. તેઓ વૈદિક ધર્મમાં માનતા હતા. તેઓ યજ્ઞયાગ કરતાં, સૂર્યને અર્ધ્ય વગેરે આપતા. દાન, પુણ્યમાં માનતા, વચનપાલનને આદર્શ ગણતા હતા.

**૨. વર્ણ-આશ્રણ વ્યવસ્થા**

ભારતીય વૈદિક ધર્મમાંથી ઊતરી આવેલી વર્ણવ્યવસ્થા એ સમયે અમલમાં હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણો પોતપોતાના નિયત કર્મો કરતા. જો વર્ણાચારથી વિરુધ્ધ કામ કોઈ કરે તો તે રાજા દ્વારા દંડને પાત્ર બનતો હતો. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ આ ચારેય આશ્રમોનું રામાયણમાં વર્ણન કરવામાં આવ્યું છે.

**૩. રાક્ષસજાતિ**

રામાયણમાં રાક્ષસો અને વાનરે, જેવી જાતિઓ હતી. જેમાં રાક્ષસો ધર્મ અને કર્મમાં તમોગુણ ધરાવતી જાતિ એટલે રાક્ષસ જાતિ. આ લોકો કામ, ક્રોધ, મોહ વગેરેથી ભરેલા હતા. '*रहसि क्षणोति इति राक्षसः*' - 'જે એકાંતનો લાભ લઈને હણી નાખે તે રાક્ષસ' રાક્ષસો પર સ્ત્રી- હરણ જેવાં પાપો પણ કરતા હતા.

**૪. રાજ્યવ્યવસ્થા**

એ વખતની રાજ્ય વ્યવસ્થા ખૂબ જાણીતી છે. રાજા સર્વોપરી ગણાતો. રાજ્ય વંશ પરંપરાથી મળતું. મોટો પુત્ર એ રાજ્યનો યુવરાજ બનતો અને પિતાના મૃત્યુ પછી ગાદી ઉપર બેસતો. રાજ્યનું સંચાલન સભ્ય દ્વારા થતું. સભામાં મંત્રીઓ, રાજગુરુ પણ રહેતા. વશિષ્ઠ જેવા પુરોહિતની સલાહથી 'ધર્મરાજ' સ્થાપવામાં મદદ થતી હતી.

**૫. સ્ત્રીઓની સ્થિતિ**

રામાયણના સમયમાં રાજકુમારીઓના લગ્ન સ્વયંવરવિધિથી થતાં. સમાજમાં આઠ પ્રકારના લગ્નો પ્રચલિત હતા. સ્ત્રીને પુરુષની સંપત્તિ માનવામાં આવતી. સ્ત્રી પોતાના પતિને પોતાનું સર્વસ્વ માનતી. પતિની આજ્ઞા સાચી હોય કે ખોટી, તેને માનવી એ સ્ત્રીનો ધર્મ હતો. તે સમયમાં વિધવા વિવાહ શક્ય હતો. તારા અને મંદોદરી બંને ફરી પરણ્યા હતા. એટલે કે દિયેરવટાનો રિવાજ પ્રચલિત હતો.

**૬. રાજ્યના ઉપાયો**

રાજ્યમાં સામ, દામ, દંડ અને ભેદ એ ચારે ઉપાયોનો યથાયોગ્ય ઉપયોગ કરવામાં આવતો. શત્રુને જરૂર પડે સામ એટલે સારાં વાક્યો – આજની પરિભાષામાં મંત્રણા કહીને પણ રાજ્યના ઉપાય કરી શકાય છે. જરૂર પડે તેને દામ- પૈસા, ભેટ સોગાદ વગેરે આપવામાં આવતા. દંડથી શિક્ષા કરીને કે પછી ભેદ પાડીને તેને કાબુમાં લાવવામાં આવતો. આમ, આ બધા જ ઉપાયો રામાયણમાં નિરૂપીત છે.

**૭. ખાનપાન**

સમાજમાં લોકો, માંસ ખાતા, પણ સંસ્કારી લોકોમાં તેનો નિષેધ હતો. ઘઉં, ચોખા વગેરે ધાન્યો તથા ઘી, દૂધ, દહીં વગેરે ખોરાક મુખ્ય હતો. રાક્ષસોમાં માંસ તથા મદિરાપાન વધારે પ્રચલિત હતા.

**૮. અધ્યયન**

આશ્રમોમાં વિદ્યાર્થીઓ બ્રહ્મચાર્યવ્રત પાળીને જીવનના પ્રથમ ૨૫ વર્ષો સુધી અભ્યાસ કરતાં. વેદો, ઉપનિષદો, ઈતિહાસ, પુરાણો, રાજ્યનીતિ, જ્યોતિષ, શસ્ત્રવિદ્યા વગેરે શાસ્ત્રોનું અધ્યયન – અધ્યાપન થતું. વિશ્વામિત્ર, વસિષ્ઠ, પરશુરામ જેવા ગુરુઓ તો સ્વયં વિદ્યાની વિદ્યાપીઠો જેવા હતા. વિદ્યાનું તે જ સમાજને પ્રકાશિત કરતું હતું.

**૯. ત્રણ પુરુષાર્થોનું સેવન**

સમાજ ધર્મ, અર્થ અને કામનું સેવન કરતો હતો. સમાજમાં *'धर्मो हि तेषामधिको विशेषः'* મનાતું. રામ સ્વયં કૈકેયીને કહે છે કે – "*विद्धि मां ऋषिभिस्तुल्यं केवलं धर्ममाश्रितम् ।*" રાવણ જેવા કામની ઉપાસના કરનારા પણ સમાજમાં હતા. વિભીષણ જેવા માણસો સત્યનો પક્ષ લેવા સર્વસ્થ છોડી દેતા હતા. સમાજમાં ધર્મ, અર્થ પછી કામ પુરુષાર્થનું સ્થાન હતું. ધર્મ તથા નૈતિક મૂલ્યોમાં સમાજના સર્વ લોકોને શ્રદ્ધા હતી.

**૧૦. પ્રજાહિત**

રાજ્યમાં પ્રજાહિતને મહત્ત્વ અપાતું. પ્રજાની માન્યતા સર્વોપરી ગણાતી. પ્રજાનું રંજન રાજાનું કર્તવ્ય મનાતું. રામાયણકાલીન સમાજ સુવ્યવસ્થિત હતો. આ સમાજ સુસંસ્કૃત, વિદ્યાની ઉપાસના કરનાર, નૈતિક મૂલ્યોમાં શ્રધ્ધાવાળો, વિકાસશીલ, મુક્ત વિચાર સરણીવાળો, ઉન્નતિગામી હતો. એવું સ્પષ્ટ લાગે છે. આથી સ્વામી વિવેકાનંદ કહે છે કે,

"In fact the Ramayana and Mahabharata are the two encyclopedias of ancient Aryan life and wisdom portraying an ideal civilization which humanity has yet to aspire aften."

**સંદર્ભગ્રંથો**


૧. સંક્ષિપ્ત રામાયણ – વાલ્મિકી રામાયણ અંતર્ગત, ગીતાપ્રેસ, ગોરખપુર.
૨. *अध्यात्म रामायण, हिन्दी अनुवाद सहित, गीताप्रेस, गोरखपुर*
૩. *श्रीमद् वाल्मकीय रामायण*
૪. *सुन्दरकाण्डम्, गीता प्रेस, गोरखपुर*